# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 5-9-2024 Midday : 1.20 to 1.30
Day : Thursday National News

## આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

******************************************************

- ✓ ભારત અને સિંગાપોર વચ્ચે આરોગ્ય અને દવાઓ, શિક્ષણ અને કૌશલ્ય વિકાસ સહિત ચાર ક્ષેત્રમાં સમજૂતી કરાર થયા
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સિંગાપોરમાં ભારતનું પ્રથમ તિરુવલ્લુવર સાંસ્કૃતિક કેન્દ્ર શરૂ કરવાની જાહેરાત કરી
- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે નવી દિલ્હીમાં ગુજરાતના 2 સહિત 82 શિક્ષકને રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારથી સન્માનિત કરશે.
- ✓ જમ્મુ-કાશ્મીર અને હરિયાણામાં વિધાનસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે જાહેરનામું બહાર પડ્યું- ચૂંટણી પંચે એકઝિટ પોલ પર પ્રતિબંધ મૂક્યો.
- ✓ કેન્દ્રીય મંત્રાલયની ટીમ આજે આંધ્રપ્રદેશના પૂરગ્રસ્ત જિલ્લાઓની મુલાકાતે.

******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## REV DAY PM TALKS SINGAPORE

ભારત અને સિંગાપોર વચ્ચે આજે આરોગ્ય અને દવાઓ, શિક્ષણ અને કૌશલ્ય વિકાસ, ડિજિટલ તકનીકી અને ભારત-સિંગાપોર સેમિ-કન્ડક્ટર ઇકો-સિસ્ટમ ભાગીદારી એમ ચાર ક્ષેત્રમાં સમજૂતી કરાર થયા છે. બંને દેશ ભારતની એક્ટ ઇસ્ટ

પૉલિસીને વધુ મજબૂત બનાવવા માટે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી કરવા સંમત થયા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સિંગાપોરના તેમના સમકક્ષ લૉરેન્સ વૉન્ગ વચ્ચેની પ્રતિનિધિમંડળ સ્તરની બેઠક બાદ આજે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે....

(બાઈટ –પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)

બંને દેશના નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવા અંગે સમીક્ષા કરી હતી. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, ભારતીય અર્થતંત્રમાં આશરે 160 અબજ અમેરિકી ડૉલરના રોકાણ સાથે સિંગાપોર તેના માટે અગ્રણી આર્થિક ભાગીદાર છે. તેમણે ઉંમેર્યું,, ભારતમાં ઝડપી અને સતત વૃદ્ધિએ સિંગાપોરની કંપનીઓ માટે રોકાણની વિપુલ તક છે.

દરમિયાન બંને દેશના નેતાઓએ સંરક્ષણ અને સુરક્ષા, દરિયાઈ જાગૃતિ, શિક્ષણ, કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I., ફિનટેક, નવીતકનીકી, વિજ્ઞાન અને તકનીક તેમ જ જ્ઞાન અંગેની ભાગીદારીની સમીક્ષા કરી હતી. વર્ષ2025માં બંને દેશ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધને 60 વર્ષ પૂર્ણ થવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

ઉપરાંત બંને નેતાઓએ ભારત- આશિયાન સંબંધ, ભારત પ્રશાંત માટે ભારતનું લક્ષ્ય સહિતના પરસ્પર હિતના મહત્વપૂર્ણ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું.

શ્રી મોદીએ ઉંમેર્યું, સિંગાપોરમાં રહેતા ભારતીય મૂળના સાડા ત્રણ લાખ જેટલા લોકો સંબંધોને મજબૂત પાયો છે. શ્રી મોદીએ એ પણ જાહેરાત કરી કે, ભારતનું પ્રથમ તિરુવલ્લુવર સાંસ્કૃતિક કેન્દ્ર સિંગાપોરમાં ખોલવામાં આવશે.

# REV. MORN. PREZ- TEACHERS

દેશમાં આજે શિક્ષક દિવસની ઉજવણી કરાઈ રહી છે. દેશના પહેલાં રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મ જયંતિ નિમિત્તે શિક્ષક દિવસ ઉજવવામાં આવે છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે નવી દિલ્હીમાં ગુજરાતના 2 સહિત 82 શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારથી સન્માનિત કરશે. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારનો ઉદ્દેશ્ય દેશના કેટલાક શ્રેષ્ઠ શિક્ષકોના અનન્ય યોગદાનની ઉજવણી કરવાનો અને એવા શિક્ષકોને સન્માનિત કરવાનો છે જેમણે માત્ર શાળા શિક્ષણની ગુણવત્તામાં સુધારો કર્યો નથી પરંતુ તેમના વિદ્યાર્થીઓના જીવનને પણ સમૃદ્ધ બનાવ્યું છે. આકાશવાણીની ચેનલ એફએમ ગોલ્ડ, ઈન્દ્રપ્રસ્થ અને આકાશવાણી લાઈવ ન્યૂઝ ઉપરથી આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરશે. આ સાથે આકાશવાણીની યુટ્યુબ ચેનલ ઉપરથી પણ તેનું સહપ્રસારણ કરાશે.

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ શિક્ષક દિવસની  દેશભરના શિક્ષકોને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રીમોદીએ આજનો દિવસ યુવાનોને માર્ગદર્શન આપતા શિક્ષકોનો  આભાર વ્યક્ત કરવાનો દિવસ હોવાનું કહ્યું છે. તેમણે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## MORN. AMRITUDYAN

રાષ્ટ્રીય શિક્ષક દિન નિમિત્તે આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે આવેલો અમૃત ઉદ્યાન શિક્ષકો માટે ખુલ્લો રહેશે. રાષ્ટ્રપતિ સચિવાલયની એક યાદીમાં જણાવ્યા પ્રમાણે રાષ્ટ્રપતિ ભવનના ગેટનંબર 35થી તેમાં અમૃત ઉદ્યાનમાં પ્રવેશ કરી શકાશે. મુલાકાતીઓની સુવિધા માટે, સેન્ટ્રલ સચિવાલય મેટ્રો સ્ટેશનથી ગેટ નંબર 35 સુધી નિઃશુલ્ક શટલ સેવા ચલાવવામાં આવશે.

## VICE PREZ UPVISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ સાતમી સપ્ટેમ્બરે ઉત્તરપ્રદેશના ગોરખપુર અને ચિત્રકૂટના એક દિવસના પ્રવાસે જશે. શ્રીધનખડ ગોરખપુરમાં સૈનિક સ્કૂલનું ઉદ્ઘાટન કરશે. પોતાના પ્રવાસ દરમિયાન ઉપરાષ્ટ્રપતિ ચિત્રકૂટના જગદગુરુ રામભદ્રાચાર્ય દિવ્યાંગ રાજ્ય વિશ્વવિદ્યાલયમાં “આધુનિક જીવનમાં ઋષિ પરંપરા” વિષય પર યોજાનારા બે દિવસના રાષ્ટ્રીય સંગોષ્ઠીમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

# SAUDI ARABIA-JCM

ભારત-સાઉદી અરેબિયા સંરક્ષણ સહકારની સંયુક્ત કમિટીની 6 બેઠક રિયાધમાં યોજાઇ ગઈ. જેમાં ભારતના સશસ્ત્ર દળોના સંયુક્ત સચિવ અમિતાભ પ્રસાદ અને સાઉદી અરેબિયાના વ્યૂહાત્મક બાબતોના નાયબ સંરક્ષણમંત્રી મેજર જનરલ સલમાન બિન અવધ અલ-હરબીએ ઉચ્ચ સ્તરીય વાટાઘાટો કરી હતી.

બંને દેશોના અધિકારીઓએ સંરક્ષણ સંબંધોની વ્યાપક સમીક્ષા હાથ ધરી હતી. આ ચર્ચામાં સંયુક્ત કવાયતો, નિષ્ણાતોની આપ-લે, તાલીમ કાર્યક્રમો અને ઉદ્યોગ સહયોગ સહિત લશ્કરી સહયોગના વિવિધ પાસાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બંને દેશોએ આ ક્ષેત્રોમાં થયેલી પ્રગતિથી સંતોષ વ્યક્ત કરીને સંરક્ષણ સહયોગને વધુ મજબૂત કરવા પરસ્પર સંમતિ આપી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# HARYANA- J&K 3RD PHASE NOTIFICATION

જમ્મુ-કાશ્મીર અને હરિયાણામાં વિધાનસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે આજે જાહેરનામું બહાર પડતાં ઉમેદવારીપત્ર ભરવાની શરૂઆત થઈ છે. આ તબક્કામાં જમ્મુ-કાશ્મીરમાં આગામી પહેલી ઓક્ટોબરે ચાલીસ બેઠક માટે મતદાન થશે. ત્રીજા તબક્કા માટે ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ 12મી સપ્ટેમ્બર છે. બીજા દિવસે ઉમેદવારીપત્રોની ચકાસણી થશે, જ્યારે 17 સપ્ટેમ્બર સુધી ઉમેદવારીપત્ર પરત ખેંચી શકાશે.

દરમિયાન વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે ઉમેદવારીપત્ર ભરવાની આજે છેલ્લી તારીખ છે. આ તબક્કામાં 25 સપ્ટેમ્બરે 26 વિધાનસભા બેઠક માટે મતદાન થશે. આ માટે જમ્મુ વિભાગના રિયાસી, રાજૌરી અને પૂંચ જિલ્લામાં વિધાનસભાની 11 બેઠકની યોજાનારી ચૂંટણી માટે બે પૂર્વ મંત્રી અને 6 ધારાસભ્ય સહિત 22 ઉમેદવારે ઉમેદવારીપત્ર ભર્યું છે. જમ્મુ કાશ્મીર ભાજપના વડા રવિન્દર રૈના રાજૌરી જિલ્લાની નૌશેરા બેઠકથી આજે તેમનું ઉમેદવારીપત્ર ભરશે.

દરમિયાન હરિયાણા વિધાનસભાની ચૂંટણી માટે 12 સપ્ટેમ્બર સુધી ઉમેદવારીપત્ર ભરી શકાશે. જ્યારે બીજા દિવસે તેની ચકાસણી હાથ ધરાશે. જ્યારે 16 સપ્ટેમ્બર સુધી ઉમેદવારી પરત ખેંચી શકાશે. હરિયાણા વિધાનસભાની 90 બેઠક માટે પાંચ ઑક્ટોબરે મતદાન થશે અને 8 ઓક્ટોબરે મતગણતરી યોજાશે.

# ECI- J&K EXIT POLL

કેન્દ્રિય ચૂંટણીપંચે લોકપ્રતિનિધિ ધારાની કલમ - 126-એ હેઠળ હરિયાણા તેમ જ જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણીના પરિણામ સુધી એક્ઝિટ પોલ હાથ ધરવા ઉપર પ્રતિબંધ મૂક્યો છે.

આ અંગેના જાહેરનામામાં જણાવ્યા મુજબ, બંને વિધાનસભા ક્ષેત્રની ચૂંટણીના આરંભથી સંબંધિત બેઠકો માટેનું મતદાન પૂર્ણ થયા પછી અડધા કલાક સુધી એક્ઝિટ પોલ હાથ ઉપર પ્રતિબંધ અમલમાં રહેશે.

ઉલ્લેખનીય છે કે, જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ચૂંટણી 18 સપ્ટેમ્બરથી 3 તબક્કામાં યોજાશે.

# DAY AP FLOOD-CENTRAL TEAM

કેન્દ્રીય મંત્રાલયની ટીમ આજે આંધ્રપ્રદેશમાં પૂરગ્રસ્ત જિલ્લાઓની મુલાકાતે છે. અધિક ગૃહ સચિવ સંજીવકુમાર જિંદાલના નેતૃત્વ હેઠળની આ ટીમ રાજ્યમાં ભારે વરસાદ અને પૂરને કારણે થયેલા વ્યાપક નુકસાનનું મૂલ્યાંકન કરશે. અગાઉ, ટીમે અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.

દરમિયાન આંધ્ર પ્રદેશમાં પૂરગ્રસ્ત વિસ્તારોમાં સહાય પૂરી પાડવા માટે- NDRF ની 26 ટીમો તૈનાત કરવામાં આવી છે. આ ટીમો કેન્દ્ર અને રાજ્યની એજન્સીઓ સાથે સંકલન કરીને રાહત અને બચાવ કામગીરીમાં કરી રહી છે. અત્યાર સુધીમાં NDRF એ 319 લોકોને બચાવ્યા છે અને લગભગ 12 હજાર લોકોને સલામત સ્થળે ખસેડ્યા છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં જરૂરિયાતમંદ લોકોને રાહત પુરવઠો અને તબીબી સહાય પૂરી પાડવામાં આવી રહી છે.

# MAHA CM -UPS

મહારાષ્ટ્ર સરકારે પોતાના કર્મચારીઓને કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલી યુનિફાઇડ પેન્શન સ્કીમ એટલે કે UPS પેન્શન યોજના, મહારાષ્ટ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલી સુધારીત પેન્શન યોજના અને રાષ્ટ્રીય પેન્શન યોજના પૈકી એક યોજના સ્વીકારવાનો વિકલ્પ આપવાનો નિર્ણય લીધો છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ મુંબઈમાં રાજ્ય પરિવહન નિગમના કામદાર સંગઠનોના પ્રતિનિધિઓ સાથેની બેઠકમાં આ મુજબ જણાવ્યું હતું.

# ASSAM CABINET

આસામ સરકારે પોતાના કર્મચારીઓ અને રાજ્યના નાગરિકોના હિતમાં બે મહત્ત્વના નિર્ણયો લીધા છે. રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં ન્યાયાધીશ બીપ્લબ શર્મા સમિતિ દ્વારા કરાયેલી ભલામણો પૈકી 80 ટકા ભલામણ સ્વીકારવાનો નિર્ણય લેવાયો છે.

મુખ્યમંત્રી હેમંત બિસ્વા સરમાએ મંત્રીમંડળની બેઠકને પત્રકારોને જણાવ્યું કે, આ ભલામણો આગામી 15મી એપ્રિલથી અમલમાં મૂકાશે. આ ઉપરાંત આસામ સરકારે પોતાના કર્મચારીઓને એક કરોડ રૂપિયાનું વિમા કવચ આપવાનો નિર્ણય લીધો છે.

આ નિર્ણય મુજબ અકસ્માતના કારણે રાજ્ય સરકારના કર્મચારીનું મૃત્યુ થાય અથવા તે કાયમી દિવ્યાંગ બને તો આ વિમા કવચનો લાભ મેળવી શકે. એવી જ રીતે થોડી દિવ્યાંગતાના કેસમાં સંબંધિત કર્મચારીને 80 લાખ રૂપિયા અપાશે. રાજ્ય મંત્રીમંડળે આસામના 20 લાખ લોકોને નવા રેશન કાર્ડનું વિતરણ કરવાની મંજૂરી આપી છે.